| | | |
|---|---|---|
| GJBT020042132024 | सत्यमेव जयते | ફો.કેસ નં.૨૮૮૫/૨૦૨૪<br>આંક– |

(નમુનો :– અ)

| બોટાદના એડી.જયુડી.મેજી.ફ.કલાસ સાહેબની કોર્ટમાં, મુ.બોટાદ, | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૨૭/૦૩/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૨૮૮૫/૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | પાળીયાદ પો.સ્ટે.<br>ગુ.ર.નં. : –૧૧૯૦૦૦૫૨૪૦૧૯૩/૨૦૨૪ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી, | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | ડો.આર.આર.જાની | |
| **આરોપી** | : | (૧) | **અજયભાઈ મગનભાઈ મકવાણા,**<br>રહે.પાળીયાદ, ચામુંડાનગર, તા.જી.બોટાદ. |
| **આરોપીના વિ.વ.શ્રી** | : | | પી.એમ.આચાર્ય |

(નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૨૩/૦૫/૨૦૨૪ |
| **ફરીયાદની તારીખ** | : | ૨૩/૦૫/૨૦૨૪ |
| **ચાર્જશીટ** | : | ૨૩/૦૯/૨૦૨૪ |
| **ચાર્જફ્રેમ/પ્લી તારીખ** | : | ૦૩/૦૧/૨૦૨૫ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૦૩/૦૧/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૨૭/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૭/૦૩/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | – |

**: આરોપીનીવિગત :**

| નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | સજા | સી.આર. પી.સી ૪૨૮: માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | **અજયભાઈ મગનભાઈ મકવાણા** | ૨૪/૦૫/૨૪ | ૨૪/૦૫/૨૪ | ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| અ. નં. | આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | **૧૭** | જયાબેન વા/ઓ નરેશભાઈ મકવાણાની જુબાની | **ફરીયાદી** |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | **૧૮** | ફરીયાદ |
| ૨ | **૧૯** | ગુનાવાળી જગ્યાનું પચનામું |
| ૩ | **૨૦** | અટક પંચનામું |
| ૪ | **૨૧** | જાહેરનામું |

**ઠ રા વ**

**૧)** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૧/૦૫/૨૪ ના કલાક ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન પાળીયાદ ગામ ચામુંડાનગર તા.જી.બોટાદ ફરીયાદીના

ઘર સામે શેરીમાં ઉપરોકત સમય તથા બનાવ સ્થળે ફરીયાદીના ઘરે બે માળનું મકાન હોય જેમાં નીચેનો માળ આ કામના આરોપીના ભાગે આવેલ છે અને ઉપરનો માળ ફરીયાદીના ભાગમાં આવેલ છે અને હાલ ઉનાળાનો સમય હોય ઉપરના માળે પતરા નાખેલ હોય જેથી ખુબ જ ગરમી થતા ફરીયાદીના નીચેના માળે ગોદડું બનાવતી હતી જે આ કામના આરોપીને ગમતી વાત ન હોય એટલે ફરીયાદીને ભુંડા બોલી આપી જાનથી મારી નાખવાની ધમકી આપી માથાની ડાબી બાજુએ પથ્થરનો એક ઘા મારતા સારવાર દરમ્યાન ટાંકા આવેલ તેમ કરી મે.અધિક જીલ્લા મેજસ્ટ્રેટ શ્રી બોટાદના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે.

**૨)** ઉપરોકત હકીકતે આ કામના ફરીયાદીએ પાળીયાદ પોલીસ સ્ટેશને ફરીયાદ આપતાં, પોલીસે ગુન્હા રજી નં.–૧૧૯૦૦૦૫૨૪૦૧૯૩/૨૦૨૪, ઈ.પી.કો.કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ઈ.પી.કો.કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**૩)** આ કામે આરોપીને સમન્સ બજતાં હાજર થયેલા, ત્યાર બાદ તેમને પોલીસ પેપર્સ ની નકલો વિનામુલ્યે ક્રિ.પો.કોડની કલમ– ૨૦૭ મુજબ મળી ગયાની ખાત્રી કર્યા બાદ ગુન્હા સબંધી, *આંક–૬* થી તહોમતનામું ફરમાવી આંક–૭ થી જુબાની રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરૂ કરવામાં આવેલ છે.

**૪)** **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

**૫)** ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા મુળ ફરીયાદી તરફે આંક–૨૨ થી કલોઝીંગ પુરશીશ આપી પોતાનો પુરાવો પુર્ણ કરેલાનું જાહેર કરતા ક્રિ.પો.કોડની કલમ– ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ઉપલબ્ધ ન હોય સદર કામ આગળની કાર્યવાહી માટે રાખવામાં આવેલ છે.

**૬)** ત્યાર બાદ, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડો.આર.આર.જાનીની તથા આરોપી

તરફે વિ.વ.શ્રી વિ.આર.બી.પઢીયારનાઓની દલીલો સાંભળી તથા આ કામનો પુરાવો વંચાણે લીધો.

૭) આ કામે સદર કેસ ના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દા ઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવું પુરવાર કરે છે કે, ગઈ તા.૨૧/૦૫/૨૪ ના કલાક ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન પાળીયાદ ગામ ચામુંડાનગર તા.જી.બોટાદ ફરીયાદીના ઘર સામે શેરીમાં ઉપરોકત સમય તથા બનાવ સ્થળે ફરીયાદીના ઘરે બે માળનું મકાન હોય જેમાં નીચેનો માળ આ કામના આરોપીના ભાગે આવેલ છે અને ઉપરનો માળ ફરીયાદીના ભાગમાં આવેલ છે અને હાલ ઉનાળાનો સમય હોય ઉપરના માળે પતરા નાખેલ હોય જેથી ખુબ જ ગરમી થતા ફરીયાદીના નીચેના માળે ગોદડું બનાવતી હતી જે આ કામના આરોપીને ગમતી વાત ન હોય એટલે ફરીયાદીને ભુંડા બોલી આપી જાનથી મારી નાખવાની ધમકી આપી માથાની ડાબી બાજુએ પથ્થરનો એક ઘા મારતા સારવાર દરમ્યાન ટાંકા આવેલ તેમ કરી મે.ડી.એમ. શ્રી બોટાદના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી, ઈ.પી.કો.કલમ-૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૮) ઉપરોકત મુદ્દાઓ ના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**-: નિ ર્ણ યો :-**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૯) ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં. ૧ તથા મુદ્દા નં.૨ :-**

**ફરીયાદી નો પુરાવો:-**

**૧૦)** ફરીયાદ પક્ષે આ કામે આંક-૧૭ થી ફરીયાદી જયાબેન વા/ઓ નરેશભાઈ

મકવાણાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની વંચાણે લીધી.

ફરીયાદપક્ષે રજુ ઉપરોકત પુરાવાની તુલના કરવામાં આવે તો, ફરીયાદીની આંક–૧૭ ની ફરીયાદમાં બનાવ અંગેની જે હકીકત જણાવેલી છે તેવી કોઈ હકીકત ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવેલી નથી. આ કામના ફરીયાદી જેઓ બનાવમાં ભોગ બનનારા મહત્વના સાહેદ હોવા છતાં તેઓએ આંક–૧૮ ની ફરીયાદ હકીકતોને સમર્થન આપતી કોઈ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલી નથી તેથી તેઓની જુબાનીનું કોઈ મહત્વ રહેતું નથી. આ કામે ફરીયાદી જેઓ બનાવમાં મહત્વના સાહેદ હોવા છતાં તેઓ પોતાના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, પરંતુ તેનાથી વિરૂધ્ધની હકીકતો જણાવે છે. જેમ કે, સદરહુ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો તેઓએ પોતાની ઉલટ તપાસ દરમ્યાન એવી હકીકતો કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, ખુદ ફરીયાદી જેઓ આ કામના અતિ અગત્યના સાહેદો હોવા છતા તેઓ પોતાની ઉલટ તપાસમાં પોતાની ફરીયાદ હકીકતો કરતા વિરૂધ્ધની હકીકતો કબુલ રાખે છે.

વળી, ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી ઉપરોકત હકીકતે પુરાવો ધ્યાને લેતાં, બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલીમાં પણ કયા શબ્દો બોલેલા તેવી હકીકત પણ ફરીયાદપક્ષ સાબીત કરતા ન હોય ત્યારે આરોપીઓ વિરુધ્ધ ગુનાની કોઈ હકીકત સાબીત થતી નથી.

**૧૧)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૦ થી અટક પં ચનામું ધ્યાને લેતા જયારે ફરીયાદી બનાવ અંગેની હકીકતોને સમર્થન આપતા ન હોય ત્યારે ઉપરોકત પંચનામા આંકે પાડી વંચાણે લેતા પણ આરોપી વિરુધ્ધના કોઈ આક્ષેપો સાબીત કરતા ન હોય ત્યારે ફરીયાદની હકીકતને કોઈ પણ રીતે સમર્થન મળતુ નથી, તેવું આ કોર્ટ માને છે.

વધુમાં જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આંક–૨૧ થી જાહેરનામું રજુ રાખેલ છે જેને બચાવપક્ષે આંકે પાડી વંચાણે લેતા પણ જાહેરનામાની કોઈ જાહેર જગ્યાએ પ્રસિધ્ધી કરાવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી ત્યારે ફરીયાદ મુજબના આરોપીએ જાહેરનામાનો ભંગ કરેલાના આક્ષેપો સાબીત માની શકાય નહિ.

**૧૨)** આ કામે હાલના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબના આક્ષેપો હોય ત્યારે જે વ્યકિતનું અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનું અપમાન ઈરાદાપુર્વક કરવામાં આવેલ હોવાનું તથા તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવું પુરવાર કરવુ ફરીયાદ પક્ષે જરૂરી છે. કયા શબ્દો વડે ભોગ બનનારનું અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય નહિ. વધુમાં નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૭(૧) જી.એલ.એચ., ૩૩૭ નાં ચુકાદામાં ઠરાવ્યુ છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનું જ નહિ પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહિ ત્યાં સુધી એવુ ઠરાવવું શકય નથી કે આ પ્ર માણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષ આવો પુરાવો રેકર્ડ પર રજુ કરી શકેલ નથી.

વધુમાં આ કામે આ કામે ફરીયાદીની જુબાનીમાં આરોપીૈએ બનાવ સમયે ખરેખર કયા ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરુપે પણ જણાવેલ નથી. આમ માત્ર ગાળો દીધેલાનો આક્ષેપ કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહી તે જ રીતે આરોપીઓએ આપેલ મારી નાખવાની ધમકીની ફરીયાદી કે સાહેદ ઉપર અસર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી. આમ, આ કિસ્સામાં પણ આરોપી એ ખરેખર ઉચ્ચારેલ ગાળો ના શબ્દો રેકર્ડ ઉપર લેખિત કે મૌખિક પુરાવા સ્વરૂપે રજુ થયેલ નથી તથા આરોપી એ આપેલ ગુન્હાહિત ધમકી ની કોઈ અસર ભોગ બનનાર ઉપર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી. જેથી, આરોપીને તેમની સામેના ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાથી ફરીયાદમાં જણાવેલ હકીકત નિ:શં કપણે સાબીત થયેલ હોવાનું માની શકાય તેમ નથી અને તેથી આરોપીએ ફરીયાદી સાથે આવુ કોઈ કૃત્ય કરેલ હોય તેમ માની શકાય નહી.

**૧૩)** આમ,સમગ્ર હકીકતને લક્ષ્યમાં રાખતાં, રજુ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ મુદા નં.૧ ની

હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ જતો હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. આ કામે ક્રિ.પો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે, આરોપી **અજયભાઈ મગનભાઈ મકવાણા,** રહે.પાળીયાદ, ચામુંડાનગર, તા.જી.બોટાદનાઓને ઈ.પી.કો.કલમ-૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ સમય વીત્યે આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ અપીલ અદાલતમાં સમક્ષ હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦/- અંકે રુપીયા દશ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ : બોટાદ
તારીખ : ૨૭/૦૩/૨૦૨૬

(ભાવેશભાઈ ગોવિંદભાઈ સોલંકી)
એડી.જ્યુડી. મેજી.ફ.કલાસ, બોટાદ.
(જજ કોડ-જીજે૦૦૯૭૬)